Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ જયન્તિ. ... ... ... ( વેલચંદ ધનજી ) ... ... ૨૬૩
૨ જીવનવિકાસ. ... ... ... ( આત્મવલ્લભ ) ... ... ૨૬૫
૩ અમારી પૂર્વદેશની યાત્રા... ... (મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ)... ૨૬૮
૪ વિજ્ઞપ્તિ. ... ... ... ( વિનયકાંત કાંતિલાલ મહેતા. ) ... ૨૭૨
૫ પાત્રદાન. ... ... ... ( જ્ઞાનનો અભિલાષિ )... ... ૨૭૩
૬ નિંદા. ... ... ... ... ( શાસ્ત્રી ) ... ... ... ૨૭૫
૭ પ્રકીર્ણ. ... ... ... ... ... ... ... ... ૨૭૯
૮ વર્ત્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૨૮૧
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૨૮૫



## શ્રી ધર્મપરિક્ષા—( શ્રી જિનમંડનગણિ વિરચિત. )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાએ કરી ગ્રહણ થાય છે તેમ કેવા પ્રકારની પરિક્ષા (ગુણો) એ કરીને ધર્મ ગ્રહણ કરવો તે આઠ ગુણોના વિસ્તારપૂર્વક વિવેચન સાથે ઉપદેશક, સુંદર, મનનપૂર્વક વાંચતાં હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જિજ્ઞાસા થાય તેવી જુદી જુદી દશ કથાઓ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

આત્માના દ્રવ્ય-ભાવરૂપી રોગોને દૂર કરવા માટે રસાયનરૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મરજને દૂર કરી, આત્માને અત્યંત નિર્મળ કરનાર, સદ્દધર્મના પરમ ઉપાસક બનાવી પરમ-પદ—મોક્ષનો અધિકારી બનાવે છે. પંદર ફોર્મ બસેંહ ઉપરાંત પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુશોભિત બાઇન્ડીંગથી આ ગ્રંથ અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા ૧-૦-૦

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ૨૯-૩૦ મા વર્ષની “ શ્રી ધર્મપરિક્ષા ” ગ્રંથ ભેટ.

આત્માનંદ પ્રકાશના ઓગણત્રીશ અને ત્રીશમા વર્ષની ભેટ તરીકે જૈન તત્ત્વજ્ઞાન કથાઓ સહિતનો ગ્રંથ “ શ્રી ધર્મપરિક્ષા ” ભેટ આપવાનો તૈયાર થઇ ગયેલ છે. દરેક પેપરોએ લવા-જમ વધાર્યા છતાં અમો ફકત સાહિત્યની સેવા અર્થે હજુ સુધી તેજ લવાજમ રાખેલ છે. ઉપરાંત એક સુંદર બુક વિવિધ સાહિત્યની દરેક વખતે ભેટ આપવામાં આવે છે તે રીતે આ વખતે ભેટ આપવાની છે.

વી. પી. ચાર્જ વધવાથી અમોએ બે વર્ષનું લવાજમ એક સાથે વસુલ લેવાનો ક્રમ રાખેલ છે.

પુસ્તક ૨૯ અને ૩૦ ના બે વર્ષના લવાજમના રૂા ૨-૮-૦ અને વી. પી. ખર્ચના રૂા. ૦-૬-૦ મળી કુલ રૂા ૨-૧૪-૦ નું ભેટના પુસ્તકનું વી. પી. કરવામાં આવશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५८. ज्येष्ठ. आत्म सं. ३६. { अंक ११ मो

## જયન્તિ.

( ચાલ—અબ તો પાર ભયે સાધુ. )

( ૧ )

ગુરૂવર **આતમરામ** હમારા, નમન નિરંતર વાર હજારા. ગુરૂ.
**વિરહ જયન્તિ ત્રયષટ્‌** ઉજ્જવલ, ઉજવીએ રસ ધારા;
જીવન રેખા પર કર દષ્ટિ, ગુણ ગણુના ભંડારા. ગુરૂ.

( ૨ )

સત્ય માર્ગના શોધક બોધક, ‘ અનેકાન્ત ’ રસ લીના;
સંવેગ રંગ તરંગે ઝીલે, આતમ અનુભવ ભીના. ગુરૂ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

**ષટ્દર્શન**ના અભ્યાસક એ, **ષટ્દ્રવ્યો**ના જ્ઞાતા;
વહેંચણુ જડ ચેતનની સુંદર, વિવિધ રૂપે બતલાતા. ગુરૂ.

( ૪ )

નિશદિન શોધન શાસ્ત્ર તણું એ, પ્રબલ વેગથી કરતા;
" ગ્રંથો ગ્રથન કરીને તાત્વિક, " જનતા આગે ધરતા. ગુરૂ.

( ૫ )

" અહિંસા–સત્ય–અદત્ત-બ્રહ્મચર, સાથે અપરિગ્રહનું; "
પાલન પૂરણુ પ્રેમે કરતા, તારણુ દૈવી તેનું. ગુરૂ.

( ૬ )

દર્શન–નાણુ–ચરણુમાં હર્દમ, રમણુ યથાવિધ જેનું,
જોડી નહિં મળશે કો ! આજે, શરણુ સુધારસ એનું. ગુરૂ.

( ૭ )

ફેલાવો કરવા **જૈનીઝમ**, યત્ન સદૈવ જ કરતા;
**સ્યાદ્વાદ વાદે**થી સહુના, સંશય સઘળા હરતા. ગુરૂ.

( ૮ )

" સર્વ ધર્મ પરિષદમાં જેણે, સાત્વિક ફાળો આપ્યો;
પ્રતિનિધિ વીરચંદ્ર પાઠવી, ધ્વજ જૈની ફરકાવ્યો. " ગુરૂ.

( ૯ )

યશોગાનની સાથે ગુણુનો, ગ્રહણુ અંશ જો થાશે;
સાચી એહ **જયન્તિ** સમજો, શ્રમ નિષ્ફલ ના જાશે. ગુરૂ.

( ૧૦ )

જૈનધર્મ ને જૈન કોમના, અભ્યુદયના અંગે;
" શિષ્યવૃંદ સહુ ભેદને છેદી, " **ઐક્ય** સાધો ઉમંગે. ગુરૂ.

( ૧૧ )

આત્માને આરામ મળે એ, **આત્મારામ** સુનામે;
**આત્માનંદના** અભિલાષીઓ ! નમીએ ગુરૂ નિષ્કામે. ગુરૂ.

( વેલચંદ ધનજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવન વિકાસ.

જે પ્રકારે આત્મજ્ઞાન પોતાના વિચારોની સાચી પરિક્ષાનું ફલ છે, તેમજ જે રીતે આત્મ-મુક્તિ અંદરથી થાય છે, તે પ્રકારે વાસ્તવિક તથા સાચો આત્મવિકાસ પણ મનુષ્યના અંતરાત્મામાંથી શરૂ થવો જોઇએ, અને તે વિકાસ દૈનિક જીવન તથા ચરિત્રમાં બહાર પ્રકટ થવો જોઇએ. મનુષ્યનું જેવું મન હોય છે તેવું જ તેનું બાહ્યસ્વરૂપ દેખાય છે, વાસ્તવિક રીતે મન જ મનુષ્યને બનાવે છે.

જ્યારે જ્યારે મનુષ્ય કોઇ પણ સદ્‌વિચારોનું મનન કરે છે ત્યારે ત્યારે તે વાસ્તવિક હિતની રચના કરે છે અને તે હિત તે મનુષ્યના જીવનમાં પ્રવેશ કરે છે, ત્યારે નિશ્ચિતરૂપે તેટલો તેનો વિકાસ થાય છે. મનુષ્યની બહોળી સંખ્યા પોતાના જીવનનો ઘણો ભાગ આજીવકા પ્રાપ્તિમાં લાગી ગયેલ છે, તેની જરા પણ ઉપેક્ષા નહિં થઇ શકવાથી તે લોકો સમસ્ત બીજા કાર્યો ભૂલી જાય છે, તોપણ તેઓ જો પોતાના વિચારો, સમય અને પોતાની માનસિક શકિતને વિશેષ રીતે પોતાનું ઉચ્ચ જીવન ઘડવામાં પ્રેરે તો તેઓને આજીવિકા પ્રાપ્તિ સાથે સુંદર તથા સમૃદ્ધિશાળી જીવન પણ સાથે સાથે પ્રાપ્ત થઇ જાય. એક વિદ્વાને કહ્યું છે કે હે ! “ મનુષ્ય ! તું પ્રથમ પરમાત્મીય સત્યને શોધ કે જેથી તને બીજી વસ્તુઓ સ્વયમેવ પ્રાપ્ત થશે. ” પરંતુ લોકો, પરમાત્માએ આપેલ ઉપદેશ ઉપર વિશ્વાસ નહિં રાખવાથી, મનુષ્યની સમસ્ત શકિત અને બધાં ચિત્તનો સાંસારિક-નાશવંત અને બાહ્ય વસ્તુઓની પ્રાપ્તિમાં વ્યય થતો હોવાથી છેવટે તે શિઘ્ર નાશ પામી જાય છે અને ખાલી હાથે આ ભવમાંથી ચાલ્યો જાય છે. એક પણ દિવસ પોતાની જ્ઞાનરાશીમાં કંઇને કંઇ વૃદ્ધિ કર્યા સિવાય અથવા માનસિક કે આધ્યાત્મિક ઉન્નતિનો અમુક અંશે અનુભવ કર્યા વિના વ્યતિત ન થવા દેવો. કોઇ પણ દિવસ એ બન્ને પ્રકારની જરાપણ અંશે ઉન્નતિ કર્યા સિવાય જવા દેવો, તે પોતાના જીવનમાં એક બહુ મૂલ્ય દિવસ વ્યર્થ ગુમાવ્યો છે, એમ શ્રદ્ધાપૂર્વક સમજો; અને પ્રત્યેક દિવસ કંઇને કંઇ જ્ઞાન જરૂર પ્રાપ્ત કરતા હો અને તેથી તમારી માનસિક અને આધ્યાત્મિક અમુક અંશ-હદ સુધીની ઉન્નતિ થઇ હોય, તો જાણવું કે તમે તે દિવસનો સદ્‌ઉપયોગ કર્યો છે અને ઉન્નતિને માર્ગે આગળ વધ્યા છે. જ્ઞાનપ્રાપ્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસ, સદ્દગુરૂના ઉપદેશનું શ્રવણુ, મહાન્ પુરૂષોના ચરિત્રોનું વાંચન વગેરેનો હેતુ પણ દિવસાનુદિવસ બંને પ્રકારોવડે આત્મવિકાસ કરવા માટે જ છે. દરેક મનુષ્યે પોતાના મનને એવી રીતે પુષ્ટ અને કબજે કરવું તથા ઉપયોગમાં લેવું કે પોતાના આંતરિક–આત્મિક ધન ભંડારમાંથી વિચારોનો ખજાનો, જ્ઞાન રાશિ અને પ્રકાશ પ્રતિદિવસ બહાર આવે, અને તેથી એ ત્રણે વસ્તુઓથી બુદ્ધિ તથા શકિતમાં એટલી બધી ઉન્નતિ અને વિકાસ પ્રાપ્ત કરી શકો કે, તે વડે તમોને એક મહાન્ શકિત પ્રગટ થશે કે, જેનાથી તમે તમારૂં જીવન અને પરિસ્થિતિને ઉચ્ચ આદર્શને અનુકૂળ બનાવી શકશો કે જે અનંત સુખ માટે તમે આકાંક્ષા રાખો છો ! મનુષ્યો ભૂલો–પાપો કરે છે; તેમને એ વિશ્વાસ નથી કે તેમના પોતાના આત્મામાં એવી વસ્તુ મોજુદ છે જે પોતાને આદર્શરૂપ બનવા માટે આવશ્યક છે.

મન એ વિશાળ ખજાનો છે અને જ્યાંસુધી મનુષ્ય મિથ્યા વિચારો પર અંકુશ નહિં લાવે ત્યાંસુધી તે શકિતકોષ તેને માટે બંધ રહેશે. એ મહાન્ ભંડાર ખોલવાનું સાધન શુદ્ધ વિચારો છે. પોતામાટે પ્રતિદિન એક આદર્શ–વસ્તુ નક્કી કરી લેવી અને પ્રાત:કાલ, મધ્યાન્હકાલ અને સાયકાલ માટે શું મનન, ચિંતન, સ્મરણ, આવશ્યક છે તે નક્કી કરી લેવું. પ્રાત:કાલના સમયે પરમાત્મ-સ્મરણ, પુણ્ય તથા સિદ્ધાંત સંબંધી વિચારો અને જ્ઞાનાભ્યાસનું મનન કરી શકાય છે, એ વખત ચિત્ત શુદ્ધ હોવાથી સદ્દભાવના, સિદ્ધાંત-ચિંતન કરી શકાય છે. મધ્યાન્હ સમયે પોતાની માનસિક તેમજ શારીરિક ઉન્નતિ સંબંધી વિચારોનું મનન કરી શકાય છે. સાયકાલે પોતાના ઇષ્ટ ભાવિની કલ્પનાઓના વિચારો અને એ દિવસમાં થયેલ ભૂલ-પાપ સંભારી, પ્રાયશ્ચિત–પ્રતિક્રમણુ ક્રિયા મનનપૂર્વક કરી શકાય છે. આ ત્રણે સમયે તમારી બાહ્યાવસ્થા તથા પરિસ્થિતિઓને પોતાની ઉચ્ચ કલ્પનાઓનાં સુંદર રંગથી રંગી નાખવી. તે ઉચ્ચ કલ્પના તે સમયે એવી હોવી જોઇએ કે, તમે અનંત સુખની પ્રાપ્તિના વિચારની ભાવનામાં પહોંચેલા છો અને તે ભાવના જ પછી તમારી શક્તિઓ પ્રગટ થવા વિશાલ ક્ષેત્ર પ્રગટાવી આપશે અને તેથી ભવિષ્યમાં અન્ય પ્રાણીઓ માટે તે શક્તિઓ તમોને અત્યંત ઉપયોગી-ઉપકારક બનાવશે. ઉપરોકત કાર્ય કરવા માટે ઘરબાર છોડવાથી કે ત્યાગ કરવાથી જ માત્ર બને તેમ નથી તે માર્ગ તો જૂદો છે, પરંતુ ગૃહસ્થે પોતાના વર્ત્તમાન કામો તથા કર્તવ્યોને છોડવાની જરૂર નથી; પરંતુ તે કામો કરતાથકાં પણ અમુક અંશે વિકાસ બની શકે છે. મનુષ્ય પ્રતિદિન પોતાના અમૂલ્ય સમયને ગપ્પા મારવામાં, લક્ષ્યહિન વિચારો તથા પરનિંદા કરવામાં વ્યતિત કરે છે, તેને બદલે ઉપર જણાવ્યા પ્રમાણે કરવામાં આવે તો હજારો આદમીઓના પોતાના જીવન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તનમાં ભારે પરિવર્તન થઇ જાય. ઉપરોકત રીતે કોઇ મનુષ્ય ચિંતનમાં પોતાનો થોડો ઘણો સમય પ્રતિદિન રોકે તો એક માસમાં જ તેનું ફળ આત્મ-વિકાસ થવા માટે જણાયા સિવાય રહેશે નહિ. મનુષ્યનું મન જલયુકત સરોવર જેવું છે, તેમાં જો ખરાબ વિચારોરૂપી કિચડ ભરવામાં આવે તો જેમ સરોવરનું પાણી ગંધાઇ જાય છે, તેમ કુવિચારોરૂપી કિચડ મનમાંથી દૂર કર-વામાં આવે, તો સરોવરનું જળ જેમ નિર્મળ થઈ જાય છે, તેવી મનુષ્યના મનની સ્થિતિ છે; કેમકે મનુષ્યો પોતાના મનના પ્રવાહને મૂર્ખતાપૂર્ણ વિચારો, નકામી તથા હાનિકારક વાતો, નિંદાઓ તથા અનુચિત વર્તન અને ગપ્પા-બાજીરૂપી કચરાથી રોકે છે, જેથી મનુષ્યનું જ્ઞાન તથા બુદ્ધિ–શકિત નકામી થઇ જાય છે, અને તેથી તે મનુષ્યનો સમસ્ત જીવનરૂપી બગીચો ઉજ્જડ બની જાય છે; પરંતુ મનુષ્ય પોતાના પ્રયત્નથી મનના પ્રવાહને સાફ કરે, મલીન વિચારો એકત્ર ન થવા દે, તો તે શુદ્ધ મનવડે ઉત્તમ બુદ્ધિમત્તા તથા જ્ઞાન-રૂપી જળ વહેતાં પોતાના જીવનને અકથનીયરૂપે સુખી અને સુંદર બનાવી શકશે અને જેથી આત્મવિકાસ સ્વાભાવિક થશે. આ વાત ઉપર શ્રદ્ધા રાખવાની છે, કે જ્યાં જ્યાં મનુષ્ય સુંદર, રચનાત્મક, વિધાયક અને આશાપૂર્ણ વિચારો કરવાની ટેવ પાડશે, ત્યાં ત્યાં તેમનું ચારિત્ર તે તે અનુસાર બની જશે. તેમનું જીવન તેમના ચારિત્રાનુસાર ઢળતું જશે અને પછી શીઘ્ર તેમની પરિસ્થિતિ તથા બાહ્યાવસ્થા પલટાયાનો આરંભ શરૂ થશે; કારણકે ચારિત્ર–વર્તન તે મનુષ્યનું ભાગ્ય છે.

આ રીતે આત્મવિકાસનો અર્થ મનુષ્ય ઉન્નતિ, સફલતા અને સિદ્ધિ છે, જેના ફળરૂપે સર્વાંગસુંદર તથા પૂર્ણજીવન તમારી તરફ આવી રહ્યું છે, કે જેથી કોઇપણ શકિત પછી તેને તમારા પાસે આવવા રોકી શકશે નહિં.

દરરોજ પવિત્ર વિચારોનું મનન કરવાથી ધ્યાની મનુષ્યને પવિત્ર તથા ઉજ્જવળ વિચારોની પરંપરા કરવાની ટેવ પડે છે, કે જે આદત તેને સદા પવિત્ર, ઉજ્જવળ, અને ઉચિત કામો તરફ લઇ જાય છે.

તે જ દિવસ મનુષ્યનો ધન્ય છે ને યાદ રાખવા જેવો છે કે " જે દિવસે તે એવો અનુભવ કરે કે પોતે પોતાનો રક્ષક યા ભક્ષક છે, પોતે સિદ્ધ સમાન છે યા ભવાંતર રખડનારો છે, તેમજ પોતાનામાં જ સમસ્ત દુઃખો તથા જ્ઞાના-ભાવનાં કારણો મોજુદ છે, અથવા પોતાનામાં સમસ્ત શાંતિ તથા સ્વયંપ્રકાશ–કેવળજ્ઞાનનો પ્રવાહ વિદ્યમાન છે. તેટલા માટે જ સફલતા સુખ, આનંદ તથા સિદ્ધિને માટે જીવનનો માર્ગ કેવળ આત્માનંદ, આત્મપ્રકાશ, આત્મમુકિત અને આત્મવિકાસમાં છે.

**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ટ ૨૫૦ થી શરૂ. )

## પાવાપુરી.

ભગવાન્ મહાવીર દેવના જ્ઞાન-સૂર્યનાં પ્રકાશ-કિરણો જગતમાં અહીંથી જ પ્રથમ ફેલાયાં હતાં. પ્રભુ મહાવીરનો અહિંસા અને સત્યનો ડિંડિંડિં નાદ માનવજાતને આ સ્થાનેથી જ પ્રથમ મળ્યો હતો. માનવજાતિની સમાનતાનો મહામંત્ર આ સ્થાનેજથી સંભળાયો હતો. તે વખતે બ્રાહ્મણશાહીએ ચલાવેલ ધર્મના પાખંડો ઉપર પ્રથમ કુઠારઘાત આ સ્થાનમાં જ થયો હતો. વેદાન્ત પારગામી, ચૌદ વિદ્યામાં નિષ્ણાત ગૌતમાદિ ભૂદેવોને પ્રતિબોધી, પોતાના શિષ્ય બનાવી, ગણધરપદે સ્થાપ્યા તે પણ આ જ સ્થાન. પ્રભુ મહાવીરે આપેલ **"उप्पेइवा, विगमेइवा, धुवेइवा"** આ ગંભીર ત્રિપદીને પામી તેમણે દ્વાદશાંગીની રચના પણ અહીં જ કરેલી. પચીશમા તીર્થંકર શ્રીસંઘની સ્થાપના પણ શ્રીમહાવીરદેવે અહીં જ કરેલી. સાડાબાર વર્ષપર્યંત ઘોરતપ અને કઠીન ઉપસર્ગો તથા પરિષહો સહન કરી પ્રાપ્ત કરેલ **કૈવલ્ય** રત્નનો ઉપયોગ જગતના કલ્યાણ અર્થે પ્રથમ અહીં જ થયો હતો. અહા ! તે વખતે આ મહાન્ પુણ્યપુરીનો વૈભવ કેવો અતુલ હશે ? જેના આંગણે સુર, અસુર, નર અને નરેન્દ્રનું મહામંડલ મળ્યું હશે, તેની શોભા પણ કેવી દર્શનીય હશે ? એ સુંદર સુશોભિત રત્નમય સમવસરણ ઉપર બેસી, ચતુર્મુખ મહાવીર દેવે ધર્મદેશના દીધી, અનેક ભવ્ય જીવોને તાર્યા, મુક્તિનાપંથે ચઢાવ્યા, મુક્તિનાં દ્વાર ખોલ્યા તે સમયનું સ્મરણ કરવાથી જ મસ્તક ભક્તિભાવથી પ્રભુચરણે ઢળી પડે છે—નમી પડે છે. ઉન્નતિના શિખરે ચઢેલી એ મહાપૂનિત નગરી આજેય પણ જગતના મહાપુરૂષના સ્મરણરૂપ મહાન્ તીર્થ તરીકે પૂજાય છે.

જેમ જગતને શાંતિનો મહામંત્ર આ સ્થાનેથી મળ્યો હતો તેમ અન્તિમ મંત્રનું પણ આ જ સ્થાન હતું. પ્રભુ મહાવીરે પોતાના નિર્વાણ પહેલાં સોલ પહોરની અન્તિમ દેશના પણ અહીં જ આપી હતી. અહા ! તે સમયે અનેક ભવ્યાત્માઓ પ્રભુ મુખથી ઝરતા એ જ્ઞાનામૃતને પીને કેવો આત્મસંતોષ અનુભવતા હશે ? ત્રણ લોકના જીવો અહીં એકત્ર થઇ પરમ શાંતચિત્તે પ્રભુની દેશના સુણી કૃતકૃત્ય થયા હતા. પોતાનો કુદરતી વૈરભાવ છોડી, પરમ મિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની એ અમૃતવાણી પીને તેઓ કેવા તૃપ્ત થયા હશે? તેમનું એ મહા સૌભાગ્ય આજેય બીજાને ઇર્ષ્યા ઉત્પન્ન કરાવે તેવું છે. ધન્ય છે! ધન્ય છે! તે ભવ્ય આત્માઓને જેમણે પ્રભુ મુખથી અન્તિમ દેશના સાંભળી, આત્મ કલ્યાણનો માર્ગ સ્વીકાર્યો છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૧૦ અધ્યયનો અહીં જ રચાયા હતા અને છેલ્લે જગત્‌પ્રભુ મહાવીરદેવ આજ નગરમાં **હસ્તિપાલ રાજાની સભામાં નિર્વાણ** પદ પામ્યા હતા. એ ભાવ ઉદ્યોત અસ્ત થવાથી નવમલ્લીક અને લિચ્છવી રાજાઓએ પ્રભુના સ્મરણરૂપે દ્રવ્યઉદ્યોત પ્રગટાવ્યો અને **દીવાલી પર્વ** બન્યું, તે પણ અહીંથી જ જે પર્વ અદ્યાવધિ ભારતમાં ઘેર ઘેર ઉજવાય છે.

ભારતના બીજા કોઇપણ મહાપુરૂષનું આવું જીવંત સ્મારક હજી સુધી નથી પ્રાદુર્ભૂત થયું, પરન્તુ વિચારતાં એમ લાગે છે કે ક્ષમાશ્રમણ, જ્ઞાતપુત્ર દેવાધિદેવના મહાન્ ઉપકારના સ્મરણરૂપે એ યોગ્યજ સ્મારક છે. मित्ति मे सव्व भूए सु નો ઉદ્દાર મહામંત્ર પાઠવનાર મહાપુરૂષના નિર્વાણ દિવસને આજેય દરવર્ષે ભારત સંભારે છે. દ્રવ્ય ઉદ્યોતરૂપ દિવાળી મનાવે છે. ખરેજ એક મહા કવિએ કહ્યું છે કે "મહાપુરૂષોની મહત્તા આપોઆપ જ પ્રગટે છે." આ કથન તદ્દન ઉચિત અને સત્ય છે.

પ્રથમ આ નગરીનું નામ અપાપાપુરી હતું, કિન્તુ પ્રભુ મહાવીરના નિર્વાણ બાદ **પાપાપુરી** નામ થયું જેમાંથી પાવાપુરી ચાલે છે. અત્યારે પાવા અને પુરી બન્ને જુદાં ગામ છે. બન્ને વચ્ચે ૧ માઇલનું અંતર છે. પ્રભુના નિર્વાણસ્થાનને અત્યારે **પુરી** કહે છે, જ્યાં શ્વેતાંબરી સુંદર ભવ્ય મંદિર અને શ્વેતાંબરી વિશાલ ધર્મશાલા છે. આ મંદિરને અત્યારે ગાંવમંદિર—ગામમંદિર કહેવામાં આવે છે, મંદિરમાં ભગવાન્ મહાવીરની પ્રાચીન સુંદર મૂર્તિમૂળનાયક તરીકે બિરાજમાન છે. આજુબાજુમાં ઋષભદેવ, ચંદ્રપ્રભુ, સુવિધિનાથ અને નેમનાથ પ્રભુની મૂર્ત્તિઓ છે. મૂળનાયકજીની જમણી બાજુ જીનવરેંદ્ર મહાવીર પ્રભુની અત્યન્ત પ્રાચીન પાદુકા છે, પાદુકા બહુ જ જીર્ણ અને ઘસાઇ ગયેલ છે. પ્રભુ મહાવીરના નિર્વાણ બાદ તરતની જ તે પાદુકાઓ બનેલી છે. પરમ પ્રભાવિક અને ચમત્કારી છે. આ પાદુકાઓ પહેલાં સામે હતી, પરન્તુ જીર્ણ થઇ જવાથી પ્રભુની બાજુમાં પધરાવી છે. હાલમાં નવી પાદુકા બનાવીને પ્રભુની સન્મુખ જ રાખેલી છે. પ્રભુની ડાબી બાજુ અગીયાર ગણધરની પાદુકા છે અને મહાન્ આગમોધ્ધારક શ્રી **દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણની સુંદર મનોહર મૂર્ત્તિ બિરાજમાન છે.** મૂળ ગભારાની ચારે બાજુ—ખુણામાં ચાર દેરીઓ છે જેમાં વીરપ્રભુ, સ્થુલભદ્રજી, મહાસતી ચંદનબાલા તથા દાદાજીની ચરણ પાદુકાઓ છે. તે મંદિર બહુ જ સુંદર અને રમ્ય છે. સુંદર આરસપહાણ બધે પાથરેલો છે, અને આરસની સીડી ચડીને અંદર જવાય છે. મંદિરની જમણી બાજુ શ્વેતાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બર સંઘની પેઢી છે જે અહીં બધી જાતની વ્યવસ્થા જાળવે છે. ડાબી બાજુ શ્વેતાંબરી ધર્મશાલા છે તેમજ હમણાં રંગુનમાં રહેતા શેઠ **કોરસી વિજપાલે** ધર્મશાળા બંધાવી સારી અનુકૂળતા કરાવી આપી છે.

આ ગામ મંદિરથી પૂર્વ દિશામાં ૦ાા થી ૦ાાા માંઇલ દૂર હરીઆળાં સુંદર ડાંગરોનાં ખેતરોની વચમાં પ્રભુનું **સમવસરણ મંદિર** હતું. પ્રભુની અન્તિમ દેશના આસ્થાને થયાનું કહેવાય છે અને તેના સ્મરણરૂપે સુંદર સ્તૂપ ઉપર વીરપ્રભુની પાદુકા હતી-મંદિર હતું, તેને સમવસરણ મંદિર કહેતા, પરન્તુ અત્યારે તે સ્થાને પાદુકાઓ નથી, માત્ર નાનકડો મનો હર સ્તૂપ જ તે સ્થાને છે. ત્યાંની પાદુકાઓ ત્યાંથી ઉઠાવી લઇ જલમંદિરની નજીકમાં-સામેની ધર્મશાળાની પાછળ સમવસરણ મંદિર બંધાવી પાદુકાઓ તેમાં પધરાવી છે. આમ કરવાનું કારણ અમે સાંભળ્યું કે મૂળ સ્થાનની પાદુકાઓને ત્યાં રમવા આવતાં આહીર-ભરવાડનાં છોકરાં ઉખેડી સ્તુપની પાસે રહેલ નાનકડા કુવામાં નાખી દેતાં અને થોડીવારમાં જ તે પાદુકા આપોઆપ ઉપર તરી આવતી. કુવો બહુ ઉંડો નથી-ઘુંટણભર પાણી રહે છે, એટલે છોકરાં પાછી તે પાદુકાઓ કાઢી, મૂળસ્થાને મૂકી ઘેર જતાં. આ ક્રિયા તેમની રોજની થઇ પડી; રોજ રમતનું એક સ્થાન મળ્યું. આ વાત ધન્નુલાલજી સૂચંતિના પિતાએ સાંભળી એટલે તે પાદુકાઓને ત્યાંથી ઉઠાવી લઇ, નવું મંદિર-સમવસરણ મંદિર બંધાવી, તેમાં પાદુકાઓ બિરાજમાન કરી, મૂળ સ્તૂપ જ હાલમાં ખેતરોમાં છે; તેની પાસે મીઠા પાણીનો નાનો કુવો-કુઇ છે. આ કુવાનું પાણી અત્યન્ત મીઠું છે. દુકાળમાં કદી તેમાં પાણી સુકાતું નથી અને જેટલું પાણી છે તેથી વધતું નથી. સ્તૂપની આજુબાજુની અમુક જગ્યા શ્વેતાંબર પેઢીના તાબામાં છે. આ સ્થાનના જીર્ણોદ્ધારની પરમ આવશ્યકતા હતી. પ્રાચીન પૂનિતભૂમીના સ્થાને એક નાનકડું મંદિર બંધાય તો જુનું સ્થાન જળવાઇ રહે તે જરૂરી છે. તે માટે પૂ. પા. ગુરૂદેવ શ્રી દર્શનવિજયજી મહારાજશ્રીએ એરનપુરાથી નીકળેલ શ્રી સંઘના સંઘપતિને ઉપદેશ આપી સુંદર સમવસરણના આકારનું મંદિર બંધાવવાનું નક્કી કરાવ્યું હતું. હવે ત્યાંના કાર્યકર્તા ધન્નુલાલજી સૂચન્તિ તે સંઘપતિના કથન મુજબ વ્યવસ્થા કરી જલ્દીથી મંદિર તૈયાર કરાવે એ જરૂરી છે. સંઘપતિ મહાશય પણ તે કાર્ય તરફ લક્ષ આપી પોતે કબુલેલ પ્રતિજ્ઞાને જલ્દીથી સફળ કરે અને પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરે.

ગામ મંદિરથી બે ફર્લાંગ દૂર **જલમંદિર** છે. જે સ્થાને દેવાધિદેવ અન્તિમ તીર્થંકર, ક્ષમાશ્રમણ, જ્ઞાતાપુત્ર, મહાવીર દેવના પુનિત દેહને અન્તિમ અગ્નિસંસ્કાર કર્યો. ત્યાંની રાખ અનેક ભવ્ય ભકતો લઈ અને છેવટે ત્યાંની માટીને પણ પૂનિત ધારી લઇ ગયા; ત્યાં ખાડો થઇ ગયો. આ સ્થાને પ્રભુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીરના વડીલ બન્ધુ રાજા નંદિવર્ધને સુંદર સરોવર બનાવરાવી વચમાં મનોહર જીનમંદિર બંધાવ્યું. તે જલમંદિર તરીકે પ્રસિદ્ધિ પામ્યું. ચોરાસી વિઘાનું વિશાલ સરોવર અને વચમાં મંદિર છે. મંદિરમાં જવા માટે પથ્થરની પાજ બંધાવેલ છે. મંદિર જોનારને પણ એમ લાગે કે આ સ્થાન ઘણું જ પ્રાચીનકાળનું હશે. પરમશાંતિનું ધામ છે, ગમે તેવો ઉગ્ર ક્રોધી કે મારમાર કરતો આવતો મનુષ્ય પણ એકવાર મંદિરમાં આવી પાદુકાનાં દર્શન કરે કે તેનો ક્રોધ શાંત થઇ જાય તેવું સ્થાન છે. ગમે તેવા વિલાસી અને ભોગી જીવને પણ અહીં વૈરાગ્યભાવના જાગૃત થાય એમાં મને સંશય નથી. ધ્યાન કરવા લાયક અને આત્મચિંતવન કરી પરમશાંતિ મેળવવા લાયક આ સ્થાન છે. આ સ્થાને આવતાં જ પ્રભુ મહાવીરના જીવનના કેટલાય પ્રસંગો સ્મૃતિ-પટમાં તરી આવે છે. અહા ! તે આત્માએ કેવી વીરતા મેળવી અને **મહાવીર** થયા જગત્પૂજ્ય બન્યા. નયસાર, મરીચી, ત્રિપૃષ્ટ વાસુદેવ, ચક્રવર્ત્તિ આદિ અનેક ભવોનું સ્મરણ તાજું જ થાય છે અને એ વર્દ્ધમાન કુમાર જાણે ગઇ-કાલે જ જન્મ્યા હોય, જગતનું હિત કરી મોક્ષધામમાં જાણે હજી કાલે જ પધાર્યા હોય, તેનું સ્મરણ કરાવે છે; સાથે આપણને પણ એમ થાય છે કે હે ચેતન ! તું કયાં છે, તારૂં સ્થાન શું છે ? તારૂં સ્થાન શોધિ લે, પ્રભુ મહા-વીરના શાસનને પામ્યો તેની સાર્થકતા કેટલી કરી ? આ મનુષ્યભવ અને આ વીરનું શાસન પુનઃ પુનઃ સ્હેલાઇથી પ્રાપ્ત થઇ શકે તેમ નથી. ચેત ! ચેત ! ચેત ચેતન ! મનુષ્યભવમાં જેટલું બને તેટલું સુકૃત કરી લે, એ ત્રણલોકના નાથે બતાવેલા માર્ગે ચાલી, આત્મકલ્યાણના પંથે વળી મનુષ્યભવ અજવાળ. આ સ્થાને આવતાં આપણને પણ મહાવીરદેવ જેવા થવાનું મન થાય છે. યદિ પુરૂષાર્થ કરે તો એ અનંતશકિતના ધણીને મુશ્કેલ નથી. વીરનું શાસન દરેકને વીર બનવાનું કહે છે છૂટ આપે છે. અન્તમાં **स्याम् चेटोऽपि दरिद्रोऽपि जैन-धर्मानुवासितः** ની ભાવના પ્રબલ થાય છે. શું થશે એ તો કેવલી જાણે. આ અધમ આત્માએ કેવાં કેવાં કુકૃત્યો કર્યાં હશે ? હે પ્રભુ હવે આપનું શાસન પામી યદિ ભવભ્રમણતા રહી, તો તેમાં અમારા કર્મનો જ દોષ સમજવાનો છે. આવી અનેક શુભ ભાવના અને વૈરાગ્ય જાગૃત થાય છે. સાથે જ અઢી હજાર વર્ષ પૂર્વેના એ પુનિત ભારતની ઉન્નત સ્થિતિ, કેવલીઓના વિહાર, અનેક સાધુ સાધ્વીઓના વિહાર તેમજ તીર્થંકર દેવની પદરેણુથી પૂનિત થયેલી એ ભૂમિની વર્ત્તમાનદશા નિહાળી આંખમાં અશ્રુ આવે છે.

આ જલમંદિરનો હમણાં જ કલકત્તા નિવાસી દાનવીર બાબુ **પુરણચંદજી શેઠીયાએ** રૂા. એક લાખ ખર્ચી જીર્ણોદ્ધાર કરાવ્યો છે. સુંદર આરસથી આખું મંદિર જડી દીધું હોય તેવું ભાસે છે. પૂર્ણિમાની ધવલ રાત્રિમાં ચંદ્રમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનાં અમૃત કિરણો વરસાવી રહેલ હોય, તે વખતે જલમંદિરની શોભા બહુ જ હૃદયાકર્ષક બને છે; તેમાંય સફેત દુધ જેવા જલમાં જલમંદિરનું પ્રતિબિંબ પડે છે તે વખતે જાણે ઇન્દ્રરાજ પોતાના વિમાન સહિત તળાવમાં સંતાયા હોય તેવું રમ્ય દૃશ્ય લાગે છે.

( ચાલુ ).

# વિજ્ઞપ્તિ.

( ભૈરવી–ગઝલ )

હાશ કોઇની લઇ ના શકો તો હાય તો લેશો નહિ,
સુખ જો દઇ ના શકો તો દુઃખ તો દેશો નહિ;
ગુણી થઇ ના શકો તો ગુણીને કદી નીંદશો નહિ,
દાન દઇ ના શકો તો દીનને દુભવશો નહિ.

ધર્મી થઇ ના શકો તો અધર્મ આદરશો નહિ,
મિત્ર થઇ ના શકો તો વૈરને સ્વીકારશો નહિ;
દુઆ જો લેવાય ના તો શ્રાપ તો લેશો નહિ,
સહાય કરો ના તો અંતરાય કરશો નહિ.

સ્નેહથી બોલાય નહિ તો ક્રોધથી ના બોલશો,
પરમાર્થ થઇ ના શકે તો સ્વાર્થી મા બનશો;
અંતર રિઝાવી ના શકો તો અંતર કાપશો નહિ,
કુવાણીથી કંગાળને પણ કો દિ' સંતાપશો નહિ.

એ હાય ઉલ્ટી લ્હાય છે ભવોભવ તે બાળશે,
એ હાયનો લેનાર નક્કી ફળ બુરૂં ભાળશે;
તો ધારી દયા દિલમાં કો જીવને દુભવશો નહિ,
વિજ્ઞપ્તિ સુણીને "વિનય" ની આટલું કરશો સહિ.

વિનયકાંત કાન્તિલાલ મહેતા.
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાત્રદાન.

અન્યમતિ લોકો જેમ બ્રાહ્મણના હાથમાં મૂકવું તેને પાત્રદાન કહે છે, તેમ જૈન લોકો એમ જાણે છે કે સાધુ તથા સાધ્વીઓને કાંઇ વ્હોરાવવું કે બીજું પડિલાભવું તે પાત્રદાન છે. એમ માને છે એમાં મોટી ભૂલ છે. સાધુ એટલે માત્ર પીળા કપડાં ધારણ કરનાર હરકોઇ એમ સમજવાનું છે જ નહીં. જે સંયમને તથા પંચમહાવ્રતોને યથાર્થ રીતે પાળે તે જ સાધુ, તે જ સુપાત્ર ગણાય છે. પાત્ર વિનાનું દાન દાતાને નિષ્ફળ છે. તેવા દાનથી દાતાને કાંઇપણ ફલ પ્રાપ્ત થતું નથી.

જૈનશાસ્ત્રમાં ગૃહસ્થોને અતિથિસંવિભાગ નામના વ્રતને અંગે જે દાનધર્મની ચર્ચા કરેલી છે, તેનું રહસ્ય જૂદા જ પ્રકારનું છે. તેવા દાનથી સાંસારિક કાર્યોની સિદ્ધિ થતી નથી. તે ઉપરથી **દાન**ના બે પ્રકાર સામાન્ય રીતે સિદ્ધ થાય છે. આંતરદાન અને બાહ્યદાન. બાહ્યદાન આંતરદાનથી ઉતરતું છે, પણ તે આંતરદાનનું પોષક હોવાથી ઉત્કૃષ્ટ કોટીમાં આવી શકે છે. પ્રત્યેક જીવ પર પ્રેમભાવ રાખી અન્નદાન કરવું, એના જેવું દાન એકે નથી, પણ તે બાહ્યદાન છે. તેના કરતાં જ્ઞાનદાન ઉત્તમ છે, કારણ કે તે આંતરદાન છે. કોઇપણ જીવને પોતાના ઉદ્ધારનો માર્ગ જડે એવું તેને દાન કરવું, એ સમાન બીજું પુણ્ય છે જ નહીં.

આવા કારણોથી શાસ્ત્રમાં જ્ઞાનદાનને ઉત્તમ કહેલું છે. શાસ્ત્રકારોએ જે આવી સૂક્ષ્મબુદ્ધિથી જ્ઞાનદાનનો મહિમા વર્ણવ્યો છે, તેને આપણે ભૂલી ગયા છીએ; અને નજીવા માર્ગોમાં લાખો રૂપીઆ બગાડી દાન કર્યું, એમ માની ઠગાઇએ છીએ. જ્ઞાનના સાધનરૂપ પુસ્તકોનું દાન કરવું એ શાસ્ત્રસંમત છે, અને તે દાન કોઇ સાધુને જ કરવું એમ પણ નથી; જે યોગ્ય હોય, સમજવાને શકિતવાન હોય તેને કરવું એમ પણ શાસ્ત્ર જ આપણને આજ્ઞા કરે છે. ત્યારે પાત્રદાન અથવા ધર્માદાને નામે લાખો રૂપીઆનો વ્યય કરનારા અમારા શેઠ શાહુકારોને અમે એટલું જ વિનવીએ છીએ કે તેમણે પોતાની આવકનો કોઇક ભાગ–એક શતાંશ–પણ જ્ઞાનદાનના સાધનોને માટે કાઢવો; અને પુસ્તક વગેરે લઇ યોગ્ય માણસોને અર્પવા. પુસ્તકો લેવામાં પણ લખેલાં કે છાપેલાં, સંસ્કૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પ્રાકૃત, અંગ્રેજી કે ગુજરાતી એવો કશો નિયમ રાખવાની જરૂર નથી. વિદ્યા છે-જ્ઞાન છે, તે બધે એક જ છે, બધા શારદાના જ રૂપાંતર છે; માટે તે શારદા-રૂપ ગ્રંથનું કોઇપણ યોગ્ય શ્રાવક કે શ્રાવિકા ગમે તે હોય તેને દાન આપવું એ શ્રેયસ્કર છે.

આમ થવાથી સત્પાત્રદાનનું મહાફલ દાતાને પ્રાપ્ત થશે, એટલું જ નહીં પણ અભ્યાસીઓને પોતાના અભ્યાસમાં સરળતા થશે, વિદ્વાનોની પરીક્ષા થશે, લેખકોનો ઉત્સાહ વધશે અને ઉત્સુક વિદ્યાભિલાષિ વિદ્યાર્થીઓને ગ્રંથોનો લાભ મલશે. કોઇપણ કાલે અને કોઇપણ સ્થલે વિદ્યાની વૃદ્ધિ લક્ષ્મીની સહાય વિના થઇ નથી. જ્યાંસુધી વિદ્વાનોને અને લેખકોને પોતાના નિર્વાહની પીડા મટતી નથી, ત્યાંસુધી તેઓ શારદાને પૂર્ણ રીતે ઉપાસી શકતા નથી, અને જ્યાંસુધી તે પૂરેપૂરી ઉપાસાય નહીં, ત્યાંસુધી તે જ્ઞાનદેવી ખરી ફલતી પણ નથી. નિર્ગ્રંથ મુનિઓ નિઃસ્પૃહ હતા, તેમને આ લોકના કોઇ પણ સ્વાર્થ સાધવાની અપેક્ષા ન હતી, તોપણ આડકતરી રીતે તેમને સારા સારા આશ્રયો હતા, તેથી તેઓ ભારતીય જૈનપ્રજાના ઉપકારને માટે હજારો ગ્રંથો લખી ગયેલા છે. સૂત્રકારો તથા ભાષ્યકારોને જૈન રાજાઓનો આશ્રય હતો. જો કે તેઓને દ્રવ્યની અપેક્ષા ન હતી, તોપણ ગ્રંથ લેખનમાં જે બીજી અનુકૂલતાની આવશ્યકતા છે, તે અનુકૂલતા તેમને કરી આપવામાં આવી હતી. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ, મહારાજા કુમારપાળની સહાયથી ઘણા ગ્રંથો લખી-લખાવી શકયા હતા. શોભન વગેરે જૈન કવિઓએ અવંતિ દેશના રાજાની મદદ મેલવી હતી, તે સિવાય બીજા ઘણા લેખકો. રાજાઓ અને ગૃહસ્થોના આશ્રયથી ગ્રંથકર્ત્તાનું મહાન્ કાર્ય કરી શકયા છે. બીજી તરફ વેદધર્મના ગ્રંથકારો પણ રાજ્યાશ્રયથી જ આગળ વધેલા છે. ચારે વેદના મહાભાષ્ય રચનાર તથા તેવા જ બીજા અનેક ગૂઢ ગ્રંથો ગુંથનાર સાયણાચાર્યને બુક્કરાયનો આશ્રય હતો. ભાસ્કર, વરાહમિહિર, કાલિદાસ, ભવભૂતિ, હર્ષ ઇત્યાદિ અનેક પંડિતો તથા શોધકોને રાજ્યાશ્રયથી જ સરસ્વતી પ્રસાદ મલ્યો છે. વર્ત્તમાન સમયે પણ ઘણા વિદ્વાનો અને કવિઓ રાજ્યના આશ્રયથી કાંઇક કરી શકયા છે અને કરી શકે છે. યૂરોપ, અમેરિકામાં પણ એનું એ જ થયું છે અને થાય છે. શ્રીમંતોએ આ વાત લક્ષમાં રાખવાની છે. તેમનો એ ધર્મ છે કે, પોતાની કમાણીનો જે ભાગ તેઓ હાલ ધર્માદામાં ખર્ચે છે, તેમાંથી કેટલીક રકમ જ્ઞાનદાન કરવામાં પણ ખાસ વાપરવી. સારા સારા ગ્રંથો ખરીદી, યોગ્ય પાત્રોને તેનું દાન કરવું એ ખરેખરૂં પાત્રદાન ગણાય છે.

આજકાલ માનની ખાતર કે નામની ખાતર કે ખુશામતની ખાતર ગ્રંથાર્પણ કરવા કરાવવાનો રીવાજ ચાલે છે, પણ તેમાં ગ્રંથની યોગ્યતા-અયોગ્યતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિંદા.

આજકાલ નિંદાની પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે. આપણામાં મોટો ભાગ નિંદાના કુકર્મમાં પડયા કરે છે. ધર્મ, નીતિ, સદાચાર અને સત્કર્મમાં પણ નિંદાને જ પ્રધાનપદ આપે છે. કોઇપણ એવું નગર કે ગામ નહીં હોય કે જેમાં પરસ્પર નિંદા થતી ન હોય. બીજાની નિંદા કરવામાં જ પોતાનો વિજય સમજવામાં આવે છે. જૈનશાસ્રો જેને માટે સર્વદા દૂર રહેવાનું કહે છે અને જેનો સર્વથા ત્યાગ કરવાનો પ્રતિબોધ આપે છે, તેવી નિંદા હાલમાં આપણામાં પ્રધાનપદ ભોગવે છે.

---

વિચાર કરવામાં આવતો નથી. ઊત્તમ અને ઉપયોગી ગ્રંથો આશ્રય વગર પ્રસિદ્ધિમાં આવતા નથી, અને ગ્રંથકાર થવાની અને આજીવિકાની અભિલાષા રાખનારા વગવાલા લેખકોના નિરૂપયોગી ગ્રંથો વિશેષ પ્રસિદ્ધિમાં આવે છે. તેને અમે ખરૂં વિદ્યાદાન ગણતા નથી, તે તો એક સ્વાર્થ જ છે; એમાં ધર્મ કે પુણ્ય કાંઇ નથી. ગુપ્ત અને ઉપયોગી વસ્તુનું દાન તે જ ખરૂં દાન છે, નિરભિમાનથી જ્ઞાનદાન કરવું એ જ વાસ્તવિક છે. જે લેખક–વિદ્વાનો પોતે ભાષણથી કે લેખોથી બોધને વિસ્તારે છે, એ તેમના તરફથી જ્ઞાનદાન થાય છે અને તેથી તે લોકોના અનૃણી બને છે; પણ જે શ્રીમંતો છે તેઓ આવું જ્ઞાનદાન કરી શકતા નથી, તેઓ તો લોકોના ઋણમાંથી મુક્ત થઇ શકતા નથી; માટે જ તેમણે ઇતર વિદ્વાનોના લેખોને ખરીદી, તેનું દાન કરવું તથા તેવા વિદ્વાનોને બીજી રીતે ઉત્તેજન આપી દાનાદિથી સંતોષવા, એ તેમનું લોક ઋણમાંથી મુક્ત કરાવનારૂં મુખ્ય કર્ત્તવ્ય છે. તેથી શ્રીમંતોએ જ્ઞાનદાન કરવામાં સર્વદા બદ્ધ પરિકર થઇ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવો જોઇએ.

જ્ઞાનદાનને માટે જૈન શ્રીમંતોએ પૂર્ણ લક્ષ આપવું જોઇએ. જો તેઓ તે તરફ લક્ષ આપશે તો જૈન પ્રજામાંથી અનેક વિદ્વાનો અને લેખકો ઉત્પન્ન થઇ, આગળ વધશે અને ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિને દર્શાવનારા અનેક ગ્રંથો તથા સંખ્યાબંધ લેખો સાહિત્યપ્રકાશદ્વારા પ્રગટ થઇ આવશે. જૈન શ્રીમંતોના હૃદયમાં શાસનદેવતા એવી જાગૃતિ ઉત્પન્ન કરો.

**( જ્ઞાનનો અભિલાષિ. )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સંઘ બીજા સંઘની, એક શહેરનો સમાજ બીજા શહેરગામના સમાજની નિંદા કરે છે તેટલુંજ નહિં, પરંતુ સાધુ સાધુની, શ્રાવક શ્રાવકની પરસ્પર મોઢેથી અને લેખોદ્વારા નિંદા કરવાના પ્રવાહમાં તણાતા જાય છે. પવિત્ર ઉપાશ્રયની અંદર જ્યાં નવકાર મંત્રનો જપ કરવાનો હોય ત્યાં નિંદાના મહામંત્રનો જપ કોઇ કોઇ સ્થળે સંભળાય છે. કોઇ ગૃહસ્થે આવી કોઇ મુનિની પ્રશંસા કરી કે તરતજ તે શ્રવણ કરનાર પ્રતિસ્પર્ધિ સાધુના મુખમાંથી તેની નિંદાના જ શબ્દો નીકળે છે. ઉત્તમ વસ્તુને જન્મ આપનારી પ્રશંસા, નિંદાને જન્મ આપનારી થાય છે તેમાં વિશેષે કરીને પદવીધર મુનિઓની આગળ પણ હાલ તે સંભળાય છે. એક આચાર્ય બીજા આચાર્યને નિંદે છે, પન્યાસ બીજા પન્યાસની ગર્હા કરે છે અને મુનિ બીજા મુખ્ય મુનિને નિંદે છે. અહર્નિશ સ્વાધ્યાય ધ્યાન કરનારા મુનિઓમાં પરસ્પર કલેસ કુસંપ, અને નિંદાનું અત્યારે સામ્રાજ્ય દેખાય છે.

હવે સાધ્વીઓ મહારાજ તરફ જોઇશું તો તેમનો પણ મોટો ભાગ શિષ્યાની ખટપટમાં ઉતરી નિંદાનો જ વરસાદ વર્ષાવે છે. આવી નિંદાની ચર્ચાથી કેટલેક સ્થળે સાધ્વીઓના ઉપાશ્રયોમાં પણ નિંદાના પાઠ ભજવાય છે. કેટલીએક સાધ્વીઓ અમુક શ્રાવિકાઓને પક્ષમાં લઈ પોતાની સત્તા જમાવવા તત્પર બને છે, અને તેમાં નિંદાનો જ પ્રાદુર્ભાવ થાય છે.

શ્રાવકોને માટે તો નિંદાની હદ જ નથી. એક શ્રાવક ગૃહસ્થ બીજાનો ઉત્કર્ષ સહન કરી શકતો નથી. બીજાને હાનિ પહોંચે તેવી અનેક જાતની નિંદાની વાતો ઉભી કરે છે. ધર્મના પવિત્ર કાર્યમાં પણ ગૃહસ્થો નિંદાનો આવિર્ભાવ કરે છે. વ્રત, તપ, દાન અને બીજા સુકૃતો સાધવામાં પણ નિંદાને મુખ્યાસનપર બેસાડે છે, એ કેવું શોચનીય કહેવાય ? હવે શ્રાવિકાઓને માટે તો તે વિષે જેટલું કહીએ તેટલું થોડું છે. સ્ત્રીજાતિને લઇને તેઓમાં નિંદાની પ્રધાનતા વિશેષ હોય એ સંભવિત છે; કારણ કે તેમનો પરિચય નિંદા સાથે જ હોય છે. કેળવણીના અભાવથી તેમનામાં અનેક દુર્ગુણોનો પ્રાદુર્ભાવ થયા કરે છે અને તેથી તેઓ પોતે નિંદનીય બની, બીજાઓને નિંદનીય બનાવે છે. આ પ્રમાણે કેટલાક સ્થલોએ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સંઘના ચારે અંગોમાં આજકાલ જૈનપ્રજામાં નિંદાનું સામ્રાજ્ય ચાલે છે.

નિંદા એ કેવો નઠારો દુર્ગુણ છે ? તેને માટે એક પ્રખ્યાત વૃત્તાંત કહેવાય છે.

ગુર્જર દેશમાં રત્નપુર નામે એક નગરમાં **વિબોધચંદ્ર** નામે એક શ્રાવક ગૃહસ્થ રહેતો હતો. તે ગૃહસ્થને **સુબોધા** નામે એક સદ્ગુણી શ્રાવિકા હતી. તે બંને શ્રાવક દંપતી જૈનધર્મના પરમ ઉપાસક અને દેવ, ગુરૂના પરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્ત હતા. ગૃહસ્થાવાસમાં રહેતા તેમને ઘણો કાલ ગયો, તો પણકાંઇ પણ સંતાન પ્રાપ્ત થયું નહીં. વિબોધચંદ્ર એક સારો ધનવાન અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતો. તેનો ગૃહ વૈભવ ઘણો ઉંચા પ્રકારનો હતો. આવી ઉચ્ચ સ્થિતિ છતાં સંતાનના અભાવને લઇને તે ચિંતાતુર રહેતો હતો. વિબોધચંદ્રના કરતાં તેની સ્ત્રી સુબોધા સંતાનને માટે વિશેષ ઉત્સુક હતી. અને તેણી તેને માટે વિશેષ ચિંતાગ્રસ્ત રહેતી હતી.

બંને દંપતી સંતાનને માટે ચિંતાતુર રહેતા, પણ તેમની ધર્મ ઊપર પૂર્ણ શ્રદ્ધા હોવાથી તેઓ કોઇ જાતના વહેમમાં પડતા નહીં. તેઓ જૈનધર્મના સિદ્ધાંતને માન આપી વિચારતા હતા કે, “ આ સંસારમાં જે કાંઇ યોગ મલી આવે છે તે કર્મને આધીન છે. પૂર્વકર્મના યોગથી લાભાલાભ થયા કરે છે. સત્કર્મનું ફલ શુભ છે અને અસત્કર્મનું ફલ અશુભ છે.” આ પ્રમાણે વિચારી તેઓ પોતાના કર્ત્તવ્યને અનુસરતા હતા.

શ્રાવિકા સુબોધા ધર્મવતી હતી, પણ કોઇવાર સંસાર–વ્યવહારના મોહનો ઉદય થવાથી તેણી સંતાનને માટે વિચાર કરતી હતી. “ કાંઇપણ પ્રજા વગર આ ગૃહ–વૈભવનો ઊપયોગ થઇ શકતો નથી. પૂર્વ પુણ્યને યોગે સંપત્તિ પ્રાપ્ત થઇ છે, પણ તે ભોક્તા વગર તદ્દન નકામી છે.” આવી આવી ચિંતા તેણીના હૃદયમાં ઊત્પન્ન થઇ આવતી હતી.

એક વખતે કોઈ જૈન ગૃહસ્થ યોગી તે નગરમાં આવી ચડ્યા. તે ગૃહસ્થપણામાં રહી યોગવિદ્યાની ઊપાસના કરતા હતા. ગૃહસ્થ છતાં કેટલાએક નિયમો ધારણ કરી, તે ભાવમુનિના સ્વરૂપને પૂર્ણ રીતે પામ્યા હતા. તે યોગી યોગવિદ્યાના પ્રભાવથી કેટલુંએક ભવિષ્ય કહી શકતા હતા. તેમ તે નિમિત્તવિદ્યામાં ઉત્તમ પ્રકારની પ્રવીણતા ધરાવતા હતા.

તે યોગી નગરની બાહેર આવેલા એક ઊદ્યાનમાં ઊતર્યા. તેમના આગમનના ખબર જાણી નગરજનો તેમને વંદના કરવાને આવવા લાગ્યા. તે પ્રસંગે વિબોધચંદ્ર અને સુબોધા-બંને દંપતિ પણ ત્યાં આવ્યા. તે બંને દંપતિ તે મહાત્માને વંદના કરી સમીપે આસન કરીને બેઠા. વિબોધચંદ્રે વિનયથી આ પ્રમાણે પૂછ્યું,—“ મહાત્મન્ ! આપ જૈનધર્મના ગૃહસ્થ યોગી છો. આપ યોગવિદ્યાના બલથી ભવિષ્યનું જ્ઞાન ધરાવો છો, તેથી આપને એક સ્વાર્થી પ્રશ્ન પૂછવાની ઈચ્છા થાય છે, જો આપની ઇચ્છા હોય તો પૂછું.”

યોગીએ પ્રસન્નતાથી કહ્યું—“ ભદ્ર ! ખુશીથી પૂછો. કોઇ જાતની શંકા રાખશો નહીં. આ જગતમાં સર્વ પ્રાણી સ્વાર્થની સાથે ગુંથાએલા છે.”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગીંદ્રના આ વચન સાંભળી વિબોધચંદ્ર બોલ્યો—" યોગીરાજ, હું સમૃદ્ધિથી સુખી છું, પણ પ્રજામાં દુઃખી છું. પ્રજાના અભાવને લઇને મારો ગૃહવૈભવ તદ્દન નિષ્ફલ છે. હવે આપને એટલું પૂછવાનું કે, મારા ભાગ્યમાં પ્રજા છે કે નહીં ? મારે પ્રજાનો યોગ હોય અથવા ન હોય, તેનું સ્પષ્ટીકરણ કરી બતાવો. જો મારા ભાગ્યમાં પ્રજા હોય તો હું મારા વૈભવની તે પ્રમાણે વ્યવસ્થા કરૂં નહીં તો આ વૈભવનો ધાર્મિક ખાતામાં ઉપયોગ કરૂં."

વિબોધચંદ્રના આવા વચન સાંભળી તે યોગીંદ્ર યોગવિદ્યાથી અવલોકન કરી આ પ્રમાણે બોલ્યા—" ભદ્ર ! તારે પુત્ર પ્રજાનો યોગ છે, પણ તે અસંતોષવાળો છે. તને એક પુત્રની પ્રાપ્તિ થશે. તે વિષે ચિંતાતુર રહીશ નહીં."

વિબોધચંદ્ર બોલ્યો—" યોગિરાજ, મને પુત્રનો યોગ અસંતોષવાળો કેમ થશે ? તે કૃપા કરી સમજાવો. " યોગીંદ્રે સ્પષ્ટતાથી કહ્યું, " તને જે પુત્ર થશે તે લોકોની નિંદા કરનારો થશે. તું તેને ગમે તેટલો અભ્યાસ કરાવીશ, અને ઘણો બોધ આપી સમજાવીશ, પણ તે પોતાનો નિંદા કરવાનો સ્વભાવ છોડશે નહીં. લોકનિંદા ઉપર તે ઘણો જ રૂચિવાલો થશે. "

યોગીંદ્રના આ વચન સાંભળી વિબોધચંદ્રનું મુખ ગ્લાનિ પામી ગયું. તેના હૃદયમાં અસંતોષ ઉત્પન્ન થઇ આવ્યો. " તેને આમ ગ્લાનિ પામેલો જોઈ યોગીંદ્રે કહ્યું—" ભદ્ર, પુત્રની પ્રાપ્તિનો યોગ જાણવાથી તમને હર્ષ થવો જોઇએ, તે છતાં તમારા મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? " વિબોધચંદ્ર મંદસ્વરે બોલ્યો—" યોગીંદ્ર, એવો નિંદા કરનારો પુત્ર મારે જોઇતો નથી, તેના કરતાં વંધ્યત્વ સો દરજ્જે શ્રેષ્ટ છે. જો પુત્ર સદ્ગુણી થાય તો જ પિતા પુત્રવાન્ ગણાય છે, નહીં તો તે છતે પુત્રે વંધ્ય છે. "

વિબોધચંદ્રના આવાં વચનો સાંભળી યોગીંદ્ર પ્રસન્ન થઈ ગયા. તત્કાલ તેમણે કહ્યું—" ભદ્ર, તમારૂં કહેવું યથાર્થ છે. પરનિંદા કરનાર પુત્રના કરતાં અપુત્ર રહેવું સારૂં છે. બીજાની નિંદા કરવી એ મહાપાપ છે, અને તે કર્મના બંધનનું કારણ છે. જે મનુષ્ય એ મહાપાપને આચરે છે તે દુર્ગતિમાં જાય છે, અને પરિણામે અનંત સંસારી બને છે. ભદ્ર ! એવી નિંદા કરનારને માટે એક વિદ્વાને આ પ્રમાણે લખેલું છેઃ—

असन्मनोवचः कायैराचरन् कर्म निंदितम् ।
पापजं दुःखमाप्नोति परनिंदापरो जनः ॥ १ ॥

પરનિંદા કરવામાં તત્પર એવો મનુષ્ય નઠારા મન, વચન અને કાયાથી નિંદિત કર્મને આચરતો પાપથી થયેલા દુઃખને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

## જૈન સમાજ અને શ્રીમાન્ મહાવીર દેવનું ભયંકર અપમાન.

આ માસમાં અમદાવાદમાં ઓશવાળ ખાનદાન કુટુંબની દિકરી મધુરીએ, મુંબઇના જાણીતા બેરીસ્ટર ભૂલાભાઇ દેશાઇ કે જે અનાવીલ બ્રાહ્મણ છે તેના પુત્ર ધીરૂભાઇ વેરે વર્ણાંતર લગ્ન કર્યું છે, જેથી બંને જ્ઞાતિઓમાં ખળભળાટ થયો છે, અને તે બંનેના કુટુંબોને તેમની જ્ઞાતિએ જ્ઞાતિ બહાર મૂકયા છે; તે સુધારકની દૃષ્ટિએ ભલે અયોગ્ય કહેવાતું હોય. આ લગ્નને વિજાતીય લગ્નના હિમાયતી અને સુધારકો પ્રશંસશે, અને તેને માન આપનારા પત્રકારો તેને વખાણશે, તેની સાથે કોઇને લેવા દેવા ન હોય; પરંતુ તે સાથે તેના હિમા-

---

ભદ્ર ! તેથી કોઇ જાતની નિંદા કરવી નહીં. તને એવા પુત્રની ઇચ્છા નથી એ જાણી મારા મનને ઘણો જ સંતોષ થાય છે. ઉત્તમ પુરૂષો સારા સંતાનની ઇચ્છા રાખે છે એ કથન તમે સત્ય કર્યું" વિબોધચંદ્રે કહ્યું "યોગિરાજ, આપના જેવા કોઇ મહાત્માની પાસેથી મેં સાંભળ્યું છે કે, "કાણો, કુબડો, અપંગ, મુંગો અને રોગી પુરૂષ સારો છે, પણ સર્વ અવયવસંપન્ન અને સુંદર પુરૂષ જો નિંદા કરનારો હોય તો તે સારો ગણાતો નથી. આથી હું તેવા નિંદક પુત્રની ઇચ્છા રાખતો નથી, તેના કરતાં અપુત્રીયા રહેવું વધારે ઉત્તમ છે." પછી તે યોગિરાજે તેને એવો ઉપદેશ આપ્યો કે જેથી તે ગૃહસ્થ-પુત્ર નિંદક ન બને તેના ઉપાયો યોજી શકે. તે પછી તે યોગીંદ્ર પોતાને સ્થાને ચાલ્યા ગયા.

આ વૃત્તાંત ઊપરથી વાચકોને સમજવાનું છે કે, કદિ પણ કોઇની નિંદા કરવી એ મહાપાપ છે. આજકાલ તો તેવી નિંદાની જ પ્રભાવના થાય છે. જ્યાં ત્યાં તે સાંભળવું પડે છે. સવાર પડે ને નવા ન્યુસપેપરો પ્રગટ થાય તેમાં તો નિંદાનું પ્રકરણ હોય જ અને ત્યાં જાણે નિંદા બહુરૂપિણી હોય, તેમ પ્રગટ થઇને ઊભી જ છે. કેટલાક લેખકો પણ એ નિંદાની જ ઉપાસના કરે છે. કેટલાક કે જેને આપણે સારા મનુષ્યો માનતા હોઇએ તેઓ પણ નિંદાને જ માન આપે છે. આમ ન થવું જોઇએ, શાસ્ત્રકાર મહારાજે તેમને પાપસ્થાનક કહેલું છે, તેટલુંજ નહિ પરંતુ તેનાથી સમાજ, જ્ઞાતિ, ધર્મ અને કુટુંબોમાં અરસપરસ કેટલા ઝઘડા, સંતાપ અને કુસંપ વધી ગયા છે તેનો વિચાર કરી કર્મબંધ કરાવનાર આ પાપસ્થાનકનો અવશ્ય દરેક મનુષ્યે ત્યાગ કરવો જોઇએ.

શાસ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યતી એક પત્રકારે આ વર્ણશંકર પ્રજા ઉત્પન્ન કરનાર લગ્નના વખાણ સાથે લગ્ન કરનાર બાઇની જ્ઞાતિ, જૈન જાતિ, હિંદુસંસ્કૃતિ અને જૈનધર્મના પ્રણેતા માટે ગમે તેવા શબ્દો લખતાં વિવેકની મર્યાદા જાળવવી જોઇએ. તે આ સમાચાર છાપતાં સુરતમાં પ્રગટ થતાં ગુજરાત પત્રમાં છાપતાં તેના તંત્રી દેશાઈ રમણલાલ છોટુભાઇ કે જે અનાવીલ બ્રાહ્મણ છે અને તેના લેખક રા. સાકરલાલ કાપડીયા જાણવા પ્રમાણે છે તેમણે જાળવી નથી. આ વર્ણાંતર લગ્નની હોંશમાં આવી જઇ મગજ ગુમાવી તા. ૩૧–૫–૩૨ ના અંકમાં " લગ્ન વર્ણાંતર " એ નામનો એક લેખ લખી, હિંદુ જાતિનું, જૈનસમાજનું, વીશાઓશવાલ જ્ઞાતિનું અને શ્રી મહાવીર દેવનું ભયંકર અપમાન કર્યું છે, અને તેમની નિંદા કરવા સાથે બદનક્ષી કરી છે અને આખો લેખ વાંચતાં તે દુર્ગંધથી ભરેલો, બદબો નીકળતો વાચકને જણાયા સિવાય રહેશે નહિં. વાચકો સમજી શકે માટે એક જ વાકય અમો નીચે આપીયે છીયે.

" અનાવીલ યુવાન સાથે જૈન યુવતીના લગ્ન થવાથી રૂઢીચુસ્ત શ્રાવકોના મહાવીર-સ્વામી પોકેપોક મૂકી રડી ઉઠયા છે. આ પોક મૂકતા મહાવીરસ્વામીને શાંત પાડવા માટે અમદાવાદના ઓશવાલોએ સૌ. મધુરીના પીતાને નાત બહારની જાડી ડાંગ મારી પોતાના વાડામાંથી હાંકી કાઢવાની ખબર પડી છે. સમાજના અનાડીઓ સમાજના સભ્યોને આવી જ રીતે ક્ષુબ્ધ કરીને હિંદુસમાજને પાંગળો બનાવી રહ્યા છે."

આ નીચ અને હલકટ ફકરામાં જૈનોના શિરતાજ, પરમાત્મ દેવ શ્રી મહાવીર પ્રભુનું અને જૈન સમાજનું ભયંકર શબ્દોમાં ગુજરાતના તંત્રીએ નિંદા કરી અપમાન કર્યું છે. મધુરી કે તેના થયેલા પતિને માટે ગમે તેટલી પ્રશંસા કરે, પરંતુ એક ધર્મનું, તેના દેવાધિદેવનું ભયંકર અપમાન કરવા કે ગાળો દેવાનો તે પત્રકારને કશો હક નથી. તેમજ તેની સભ્યતા પણ નથી. મધુરી કે ધીરૂભાઇ ગમે તેની સાથે પરણે તેમાં આજે અઢી હજાર વર્ષ પૂર્વ થયેલા જૈનધર્મના મહાન્ દેવનો શો દોષ છે? કે તેમને વચે લાવી આવી નીચ રીતે અપમાન કરે. એક ધર્મ તેના દેવ, કે સમાજ કે જ્ઞાતિને આવી રીતે નિંદે, તીરસ્કાર કરે કે ભાંડે તેમાં શું એક પત્રકારનું ભૂષણ છે ? આટલા ઉપરથી એમ સમજાય છે કે તે લેખક કે તંત્રીનો વર્ણાંતર લગ્નને ટેકો આપવાનો એકલો હેતુ નહિં હોવો જોઇએ, પરંતુ તે બ્હાના નીચે જૈનોને અને જૈનોનો જે વર્ગ સુધારાના નામે ભ્રષ્ટ થવા નથી માંગતો તેને તથા તેના દેવને નિંદવાનો–હલકા પાડવાનો પણ હેતુ હોય તેમ જણાય છે. જેથી તે પત્રના તંત્રીની ફરજ છે કે પત્રકારના ધર્મને ખાતર પણ પ્રસ્તુત લેખ પાછો ખેંચી તે પ્રકટ થવા માટે પોતાની દિલગીરી બતાવવી જોઇએ, અને તે જો તેમ ન કરે તો જૈન કોમના ત્રણે ફીરકા સાથે મળી તેમ કરે તેવી ફરજ પાડવી જોઇએ અથવા જૈન સમાજ અને તેના દેવનું ભયંકર કરેલ અપમાન બદલ ફરીયાદ કરવી જોઇએ. સમસ્ત જૈન સમાજે પોતપોતાના શહેરમાં–ગામમાં તે માટે દિલગીરીના ઠરાવો પસાર કરી તે લેખ ખેંચાવી લેવા અથવા બદનક્ષી કર્યા બદલ કોર્ટમાં ઘસડવા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી અને જૈન કોન્ફરન્સ અને સમાજને તે માટે યોગ્ય પગલા લેવા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ત્તમાન સમાચાર

## એક પ્રાચીન જૈનતીર્થનો પુનરૂદ્ધાર.

મથુરા જૈનઇતિહાસમાં બહુ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. અનેક જૈન ગ્રન્થોમાં મથુરા નગરીના પુણ્ય વૈભવનું રસમય વર્ણન ઉલ્લેખાયેલ જોવામાં આવે છે. વિવિધ તીર્થ-કલ્પકાર આચાર્ય મહારાજ શ્રી **જીનપ્રભસૂરીશ્વરજી** મથુરાકલ્પમાં લખે છે કે " અહીં પ્રથમ શ્રીસુપાર્શ્વનાથ પ્રભુનો રત્નમય સુંદર સ્તુપ હતો. પછી કાળનો પ્રભાવ વિચારી શાસનદેવીએ રત્નમય સ્તુપની આજુબાજુ ઇંટનો સ્તુપ બનાવી, મૂળ સ્તુપને અંદર ગોપવી દીધો, અને મહાપ્રભાવીક આચાર્ય શ્રી**બપ્પભટ્ટીસૂરીશ્વર**ના સમયમાં પથ્થરનો વિશાલ સ્તુપ બનાવવામાં આવ્યો, જે ગ્રન્થકાર શ્રીજીનપ્રભસૂરીશ્વરજીના સમય સુધી વિદ્યમાન હતો; એમ પોતે લખે છે. સુપાર્શ્વનાથ પ્રભુના એ સ્તુપમાં રત્નમય સુંદર ચોમુખજી હતા. આ નગરી બાર યોજન લાંબી અને નવ યોજન વિસ્તારવાળી હોવાનો ઉલ્લેખ મળે છે.

યદુકુલતિલક, બાલ બ્રહ્મચારી શ્રીનેમનાથ પ્રભુના બાલજીવનસમયની આ ક્રીડાભૂમિ છે. સતિ શિરોમણી, બાલ બ્રહ્મચારીણી રાજીમતિની જન્મભૂમિ છે. નવમા વાસુદેવ અને ભાવી તીર્થંકર ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રજીની આ જન્મભૂમિ અને લીલાભૂમિ છે. ભગવાન્ શ્રી પાર્શ્વનાથજી પણ કેવલજ્ઞાન પછી અહીં પધાર્યા છે. અંતીમ કેવલી ભગવાન્ શ્રીજંબુસ્વામી-જીની અંતીમ દેશના અને નિર્વાણભૂમિ પણ આ જ નગરી છે; અને છેલ્લે છેલ્લે વીર સંવત્ ૯૮૦ માં ઉત્તરાપથના ગીતાર્થ સુવિહિત સૂરીશ્વરો અને મુનિ પુંગવોના અધ્યક્ષપણામાં વાંચન અને લેખન–જૈન આગમો પુસ્તકારૂઢ થયાં હતાં. આ નગરીમાં બબ્બે હજાર સાધુઓ વિચરતા અને લાખોની સંખ્યામાં શ્રમણોપાસકો–શ્રાવકો અહીં વસતા અને પાંચસો જિન મંદિરો હતાં. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ઉત્તરાપથમાં મથુરા નગરી મહાન્ જૈનપૂરી તરીકેનું ગૌરવ પામી હતી. આર્હત્ ધર્મની ઉદ્‌ઘોષણા–વિજયપતાકા અહીં ફરકતી હતી.

આજે એ ભૂતકાલીન સ્થિતિ પલટાઇ ગઇ છે. કાળબળે અને તેમાંય છેલ્લે દોઢસોથી બસો વર્ષથી સુવિહિત સાધુઓના વિહારના અભાવે જબરદસ્ત ફટકો પડયો છે, તેમજ વૈષ્ણવાચાર્યના સતત્ સહવાસથી જૈનોની વસતી ઘટી જતા, જિનમંદિરો યમુનાના ઉદરમાં

---

ઠરાવો મોકલી આપવા જોઇએ. મુસલમાન કોમના પેગંબર સાહેબનું આવી રીતે કોઇ હિંદુ અપમાન કરે તો તેનું શું પરિણામ આવે તે આ પત્રકારને કે તે અપમાન કર-નારને ખબર પડે–પડત ? આવું જૈન સમાજ અને તેના દેવનું ભયંકર નિંદ્ય અને ગલીચ અપમાન કરનારૂં લખાણ પ્રકટ કરી ગુજરાતના તંત્રીએ પત્રકારીત્વના ધંધાને ડાઘ લગાડયો છે એટલુંજ નહિં પણ જૈન સમાજના તેઓ એક કટર વિરોધી છે તે બતાવી આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દટાયાં, કેટલાક વિષ્ણુમંદિર બન્યાં અને થોડા ઘણા દિગંબર મંદિર બન્યાં. આજે અહીં મૂળ વસ્તીમાં એકપણ શ્વેતાંબર ઘર નથી. થોડા વર્ષો પહેલાં અગ્રવાલ, પલ્લીવાલ, ખંડેલવાલ, જાયસવાલ આદિ શ્વેતાંબર જૈનો હતા, તેમાં અગ્રવાલો તો લગભગ અહીં બધા વૈષ્ણવ બન્યા છે, પલ્લીવાલ અને ખંડેલવાલમાં અત્યારે કેટલાક દિગંબર જૈન બન્યા છે, કેટલાક વૈષ્ણવ બન્યા છે, કેટલાક ચાલ્યા ગયા છે. અત્યારે તો વ્યાપારઅર્થે આવેલા શ્વેતાંબર જૈનોનાં થોડાં ઘર છે. શ્વેતાંબર વસ્તીના અભાવે મંદિરો ઘટવા મંડયા છે અને કેટલાક દિગંબર ભાઇઓએ પોતાના બનાવ્યાં. શ્વેતાંબર મૂર્તિઓને જમુનામાં પધરાવી અને કેટલીક શ્વેતાંબર મૂર્તિઓને દિગંબર બનાવી છે, જે અદ્યાવધિ દિગંબર મંદિરમાં પૂજાય છે અને શ્વેતાંબરોને દર્શનનો લાભ મળે છે.

આ સિવાય અહીં એક ચોરાસી મંદિર બહુ જ પ્રસિદ્ધ અને દર્શનીય ગણાય છે તે પણ શ્વેતાંબર મંદિર છે. અંદર બિરાજમાન અંતીમ કેવલી શ્રીજંબુસ્વામીની પાદુકા છે. આ મંદિર ઉપર દિગંબર સત્તા છે, પરંતુ પૂજા તો શ્વેતાંબર આમન્યાય પ્રમાણે જ થાય છે. પાદુકા ઉપર સુંદર લેખ છે, પણ તેમાંથી ઘણો ભાગ ઉખેડી નાખવામાં આવેલ છે. પાદુકા ઉપરના શ્વેતાંબરી ચિન્હરૂપ અંગુઠા, આંગળીનાં ટેરવાનાં નખ પણ ઉખેડી નાંખ્યા છે. જંબુસ્વામીની પાદુકા–પાછળની ચોકી વધારી તેની ઉપર દિગંબરોએ અજીતનાથ પ્રભુની મૂર્તિ બિરાજમાન કરી છે, પરન્તુ હકની સાઠમારીમાં બેહુંદુ બનાવી દીધેલ છે. મંદિરનું મૂળ-દ્વાર પાદુકાના માપનું જ છે. આ મંદિરની ભમતિમાં શ્વેતાંબર મૂર્તિઓ છે, શ્વેતાંબરોને તેના દર્શનનો લાભ મળે છે. આ મંદિરને ચોરાસી મંદિર કહેવામાં આવે છે, તે માટે વૈષ્ણવો અને દિગંબરો જૂદી જૂદી કલ્પના કરે છે; પરન્તુ સમર્થ જૈનાચાર્યોએ ભેગા થઇ, અહીં ૮૪ આગમની વાંચના કરેલી જેથી આ સ્થાનનું નામ ચોરાસી મંદિર પડયું હોય તે સ્વાભાવિક લાગે છે. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનો સ્તુપ પણ અહીં જ હશે એમ લાગે છે.

હાલમાં મથુરામાં ઘીયામંડિમાં પ્રાચીન જૈન શ્વેતાંબર મંદિરના જીર્ણોદ્ધારનું કામ આગ્રાના શ્રી શ્વેતાંબર જૈન સંઘની અધ્યક્ષતામાં ચાલતું હતું. આ મંદિર ઘણા વર્ષોનું પુરાણું કહેવાય છે. દિગંબરો તો ત્યાંસુધી કહે છે કે મથુરામાં પ્રાચિન મંદિર જ શ્વેતાં-બરમંદિર છે. અસ્તુ એ ગમે તેમ હોય કિન્તુ મંદિર અત્યન્ત પ્રાચિન છે તે નિર્વિવાદ છે. હમણાં થયેલા જીર્ણોદ્ધારમાં ઘણો સુધારો કરવામાં આવેલ છે. સુંદર શિખરબંધ જીનાલયમાં આરસની ઘુમટબંધ સુંદર વેદિ બનાવવામાં આવી છે. છેલ્લા બે અઢી વર્ષથી મંદિર તૈયાર જેવું હતું તથાપિ પ્રતિષ્ઠામાં વિલંબ થતો હતો. ત્યાં આ વર્ષે પૂર્વ દેશમાં વિચરી, યાત્રા કરતા અનેક સ્થાને ઉપકાર કરતા; વિદ્દદ્રત્ન, શાસન દીપક, પાલીતાણા શ્રી યશોવિજ-યજી જૈન ગુરૂકુળના સ્થાપક, સ્વર્ગસ્થ મહાત્મા મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી (કચ્છી) ના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિ મહારાજ શ્રી **દર્શનવિજયજી** આદિ આગ્રા પધાર્યા અને શ્રી સંઘને પ્રતિષ્ઠા માટે ઉપદેશ આપ્યો. અંતે તેઓશ્રીના ઉપદેશ અને શુભ પ્રેરણાને અંગે ૧૯૮૮ ના વૈશાખ શુદિ સાતમ અને ગુરૂવારે મહાન્ ચમત્કારી, પરમપ્રભાવશાળી **શ્રી પાર્શ્વનાથ પ્રભુ**ની મૂર્તિને મૂળનાયક તરીકે તેમજ શ્રી કુંથુનાથ ભગવાન તથા શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમિનાથ આદિ પ્રભુને આજુબાજુમાં બિરાજમાન કરવામાં આવેલ છે–પ્રતિષ્ઠા થઇ છે. મૂળનાયકજીને આગ્રાના પ્રસિદ્ધ દાનવીર શેઠજીના સુપુત્ર શ્રીયુત્ **લુણકરણજીએ** બોલીમાં વધીને બિરાજમાન કર્યા હતા. પ્રતિષ્ઠાને અંગે શાંતિસ્નાત્ર, પૂજા, પ્રભાવના, સ્વામિવાત્સલ્ય, જાહેર વ્યાખ્યાન આદિ સમયાનુકૂલ સારી રીતે થયાં હતાં અને શાસનની પ્રભાવના સુંદર રીતે થયેલ છે.

આ વખતે પ્રતિષ્ઠા ઉપર ઉદેપુર, જયપુર, ભરતપુર, આગ્રા, અલ્વર, કલકત્તા, લખનૌ, હાથરસ, કોસી, રતલામ, વૃંદાવન વગેરે વગેરે સ્થાનેથી જૈનસંઘે સારા પ્રમાણમાં હાજરી આપી તીર્થોદ્ધારમાં સારો લાભ લીધો હતો.

પૂર્વદેશની યાત્રાએ આવતાં દરેક જૈનોએ આ પ્રાચીન તીર્થ—આગમ તીર્થનો અવશ્ય લાભ લેવા જેવો છે. અહિં સુંદર વિશાળ જીનમંદિર બન્યું છે, તેમ એક સારી ધર્મશાળાની ઘણી જરૂર છે કોઇ દાનવીર સદ્‌ગૃહસ્થ પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરી, તીર્થભક્તિનો લાભ ઉઠાવે તો સારૂં; આ માટે જે મહાનુભાવની ઇચ્છા હોય તે આગ્રા શ્રી જૈન શ્વેતાંબર સંઘ સાથે પત્ર વ્યવહાર કરે.

અહીં **કંકાલીટીલો** છે કે જેમાંથી ઘણી પ્રાચીન જૈન મૂર્તિઓ નીકળી હતી, તે સ્થાન જોવા જેવું છે; તેમજ અહીંના મ્યુઝીયમમાં પણ જૈન મુર્તિઓ છે. જો કે કંકાલી-ટીલાની ઘણી મૂર્તિઓ લખનૌના મ્યુઝીયમમાં લઇ જવામાં આવેલ છે, ત્યાં ખાસ જોવા યોગ્ય ઘણી વસ્તુઓનો સંચય છે. મથુરામાં તો થોડી જ મૂર્તિઓ રાખવામાં આવેલ છે; છતાં ખાસ દર્શનીય છે; તેમાં પણ ભગવાન મહાવીરની આમલકીક્રીડા તથા ગર્ભાપહરણ આદિની મૂર્તિઓ ખાસ ધ્યાન ખેંચે છે.

શ્વેતાંબર મંદિરના આ પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે દિગંબરભાઇઓએ પોતાની સંકુચિત મનોવૃત્તિ પ્રદર્શીત કરી, તેમના કાર્યમાં સહકાર ન આપ્યો; એટલું જ નહિં પણ તેમને ઉતરવાને ધર્મશાળા સુદ્ધાં ન આપી એ એક ખેદની વાત છે. અંતમાં શાસનદેવ દરેકને સદ્‌બુદ્ધિ અર્પે અને તીર્થનો સદાય ઉદય–વૃદ્ધિ રાખે, એજ શુભેચ્છા.

**મુનિરાજ શ્રી દર્શનવિજયજી**

## “ રામસેનમાં પરમોપકારી મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ સાહેબનો પ્રવેશ મહોત્સવ. ”

વૈશાખ શુદિ. ૭ ના દિવસે નવાડીસા ( ડીસાકેમ્પ ) થી પરોપકારી શાન્તમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ સાહેબ તથા પન્યાસજી શ્રી સંપતવિજયજી મહારાજ તથા મુનિશ્રી કુસુમવિજયજી વિહાર કરી, સુથારચાલી પાસેના બંગલામાં પધાર્યા હતા, અને ત્યાંથી મહાદેવીઆ, બહીવાડા થઇ ઝેરડા મુકામે પધારતાં ત્યાંના શ્રીસંઘે સામૈયું કર્યું હતું. વ્યાખ્યાન શ્રવણ કરી પ્રભાવના લઈ લોકો સહર્ષ રવાના થયા હતા. દેરાસરમાં નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. ત્યાંથી નાગફણામાં પધાર્યા હતા, ત્યાં એક ખેડુત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈએ સૂડ ( ખેતરનો કચરો ) નહિ બાલવાની પ્રતીજ્ઞા કરી હતી. વૈશાખ વદી. ૩ ના દિવસે રાજપૂજ્ય શ્રી બપ્પભટ્ટ સૂરીશ્વરના ગુરૂવર્ય શ્રીમાન્ સિદ્ધસેનાચાર્યના ચરણકમલથી પવિત્ર થયેલા રામસેનમાં પધારતાં, મોદી નહાલચંદે ગામની સામગ્રી મુજબ ઠાઠમાઠથી સામૈયું કર્યું હતું. ચાલુ શતાબ્દિમાં સામૈયાનો પહેલવેલો પ્રસંગ હોવાથી મહારાજ સાહેબના દર્શન માટે પ્રાયઃ સંપૂર્ણ ગામ ઉભરાઇ બહાર નીકળ્યું હતું. અમૃતમય વ્યાખ્યાન શ્રવણ કરી, પ્રભાવના લઇ લોકો સહર્ષ વિદાય થયા હતા. આ પ્રાચીન તીર્થમાં શ્રી ઋષભદેવ પરમાત્માના પસાયથી આનંદ વર્ત્તી રહ્યો છે.

ઉપરોક્ત તીર્થોનો જીર્ણોદ્ધાર થતાં જેઠ શુદ. ૬ ના રોજ શ્રી ઋષભદેવ પ્રભુને ઉક્ત મહાત્માઓના વાસક્ષેપ કરવા પૂર્વક બિરાજમાન કરવામાં ( પ્રતિષ્ઠા કરવામાં ) આવ્યા હતા.

# भाई परमानन्दजी एम्. ए., एम्. एल्. ए. की श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब गुजरांवाला के सम्बन्ध में सम्मति।

मैंने आज ९ जुन १९३२ को श्री सन्तराम और दूसरे मित्रों के साथ जैन गुरुकुल को देखा। यह भारतवर्ष में अपने प्रकार की एक ही संस्था जान पड़ती है। हमें यह देख कर बड़ी प्रसन्नता हुई कि विद्यार्थियों के जीवन को सादा बनाने का यत्न किया जाता है। विद्यार्थी अपने वस्त्र अपने हाथ से धो रहे थे। विद्यार्थी स्वयं ही अपने कमरों की सफाई करते हैं। प्रत्येक विद्यार्थी को कोई न कोई उद्योग धंधा भी सिखाया जाता है। यद्यपि इसका नाम जैन गुरुकुल है तथापि इसके ९४ छात्रों में से लगभग एक दर्जन छात्र गैर जैन हैं। इस से प्रकट होता है कि छात्रों में संकुचित साम्प्रदायिक भाव पैदा नहीं किया जाता। परन्तु सबसे विशेष बात यह पाई जाती है कि इस की शिक्षा प्रणाली सर्वथा स्वतन्त्र है। गत ७ वर्ष में इस के विद्यार्थियों में मेट्रिक तक की योग्यता उत्पन्न करनेका प्रयत्न किया गया। इसके संचालक यह चाहते है कि पांच वर्ष का और कोर्स बढ़ा कर कालिजो के समान उच्च शिक्षा का प्रबन्ध कर दिया जाय। प्रबन्धकर्त्ता श्रीयुत् कीर्तिप्रसादजी तथा प्रिन्सीपल बाबू बन्शीधरजी बी. ए., एल्., टी, बड़े सज्जन पुरुष हैं। मैं आशा करता हूं कि इस गुरुकुल को आदर्श संस्था बनाने में इन्हें सफलता प्राप्त होगी।

( भाई परमानंद )
९–६–३२

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ સભાનો ૩૬ મો વાર્ષિક મહોત્સવ—

**સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાત:સ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ આ સભાએ ઉજવેલ જયંતિ.**

આ સભાને છત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ સાડત્રીશમું વર્ષ બેસતું હોવાથી દરવર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યાં હતાં.

૧ જેઠ શુદ ૭ શનીવારના રોજ આ સભાના મકાન ( આત્માનંદ ભવન ) ને ધ્વજા-તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ કલાક પછી નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસુરિ મહારાજ કૃત શ્રી ઋષીમંડળની પૂજા ભણાવવામાં આવી હતી. તથા બપોરના બાર વાગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

તેજ દિવસે સાંજે ક. ૫–૫૦ ની ટ્રેનમાં ( દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જયંતી જેઠ શુદ ૮ રવીવારના રોજ ઉજવવાની હોઇ શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) સુમારે પચાસ સભાસદ બંધુઓ ગયા હતા.

**૨** જેઠ શુદ ૮ રવિવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **આદિશ્વર પ્રભુના મંદિરના ચોકમાં** આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિ કૃત શ્રી નવાણું પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી તથા દેવગુરૂની આંગી રચવામાં આવી હતી અને સાંજના ચારવાગે સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું. એ રીતે ગુરૂભકિત ( દેવભકિત ) કરવામાં આવી હતી. આ રીતે વરકાણા, ગુજરાનવાલા, ડીસા, પાટણ વગેરે અનેક સ્થળે જયંતિ ઉજવાઇ હતી.

# સ્વીકાર અને સમાલોચના.

૧. **ખરતર ગચ્છ-પટ્ટાવલી સંગ્રહ—સંગ્રાહક શ્રી જિનવિજયજી.** શ્રી સિંધિ જૈનજ્ઞાનપીઠ અધિષ્ઠાતા-શાંતિનિકેતન-પ્રકાશક **બાબુસાહેબ પૂરણચંદજી નહાર એમ. બી. એલ.** કલકત્તા. જૈન શાસનમાં ઇતિહાસ સંબંધી અનેક સાધનોમાં પટ્ટાવલી મુખ્ય સ્થાન છે. અને તે જૈન અને જૈનેતર કોઈ પણ ઇતિહાસ પ્રેમી માટે એક ઉપયોગી સાધન છે. શ્વેતાંબર જૈન સંઘમાં તપાગચ્છની જેમ ખરતરગચ્છના આચાર્ય અને શ્રાવક ગણનો મોટો હિસ્સો છે, અને તેથી જ ખરતરગચ્છનો ઇતિહાસ જૈન સંઘના ઇતિહાસમાં મહત્વપૂર્ણ પ્રકરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; એટલુંજ નહિં પરંતુ રાજપૂતાનાના ઇતિહાસમાં પણ વિશિષ્ટ પ્રકરણ ધરાવે છે. આ ગ્રંથમાં જે તરેહની પટ્ટાવલી સંગ્રહીત કરેલ છે, તેવી અનેક પટ્ટાવલી અને પ્રશસ્તિઓનો જો સંગ્રહ કરવામાં આવે તો સંકલનાપૂર્વક જૈન શાસનનો ઇતિહાસ તૈયાર કરી શકાય.

પ્રકાશક શ્રીમાન્ બાબુસાહેબે ઘણો જ પરિશ્રમ અને દ્રવ્ય વ્યય કરીને જૈસલમેરના જૈન–શિલાલેખોનો એક અપૂર્વ સંગ્રહ પ્રકાશિત કરેલ છે. આ વિષયનો બાબુસાહેબ પ્રેમ ધરાવતા હોઇને, આ પટ્ટાવલીનું પ્રકાશન તેઓશ્રીના પ્રયત્ન અને લક્ષ્મીના સદ્વ્યયનું શુભ ફળ છે. આ માટે પ્રકાશક બાબુસાહેબને અમો ધન્યવાદ આપીએ છીયે.

---

**૨ ભગવાન શ્રી મહાવીરના સામાયિક યોગના પ્રયોગો–સંયોજક પંડિતજી લાલન.**

"સામાયિક તેજ આત્મા" છે, આત્મા આત્માની ઝાંખી (અનુભવ) કેવી રીતે થાય, તેનું દર્શન ટુંક સમયમાં કેમ થાય, તેનો સાક્ષાત્કાર કેવા પ્રકારે અનુભવાય તેના પ્રયોગો લેખક મહાશયે આ પુસ્તકમાં આપ્યા છે. સામાયક સૂત્ર પાઠ કરી તેના ઉપર મનન–વિચારપૂર્વક, આચરવામાં આવે તોજ તે વસ્તુ સ્વરૂપ ખડું કરે છે. સમભાવમાં રહેવું અને તેમ કરતાં આત્માને ઉત્તમોત્તમ સ્થિતિએ પહોંચાડવો તેનું નામ જ સામાયક છે. આ ગ્રંથના બે વિભાગમાં પ્રથમ પ્રવેશ વિભાગમાં જૂદી જૂદી અનેક રીતે સામાયકનું સ્વરૂપ સમજાવી, બીજા વિભાગમાં સામાયકના સૂત્રો અર્થ સાથે આપી, સ્ફુટ રીતે રહસ્ય સમજાવેલ છે. લઘુ છતાં ઉપયોગી રચના બંધુ લાલને કરી છે. વાંચવા વિચારવા યોગ્ય છે પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ. કિંમત બે આના અલ્પ છે.

---

# સાધ્વીજી શ્રીકંચનશ્રીજીનો સ્વર્ગવાસ.

શાંતમૂર્તિ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના પરિવારના ગુરૂણીજી શ્રી લાભશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વીજી શ્રીકંચનશ્રીજી વૈશાક વદી ૬ ( શ્રી સિદ્ધાચળજી તીર્થની વર્ષગાંઠના ) ના રોજ શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરી ઉતરતા, છેલ્લા વિસામે તબીયત બગડતાં, તળેટી લાવ્યા બાદ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા, છે. એકત્રીશ વર્ષ સુધી નિરતિચારપણે શુદ્ધ ચારિત્ર પાળ્યું હતું, તેટલુંજ નહિં પરંતુ પોતાના ગુરૂણીજીની છેવટ સુધી સેવા, વૈયાવચ્ચ, ભકિત પ્રેમપૂર્વક કરી હતી. ભદ્રિક પરિણામી, હૃદયની સરલતા અને માયાળુપણું એ વિશિષ્ટ હતું. આવા ક્રિયાપાત્ર સાધ્વીજી મહારાજના સ્વર્ગવાસથી અમો પણ અમારો ખેદ જાહેર કરીએ છીયે. તેમના પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એવી પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બે વર્ષના લવાજમના રૂા. અઢી તથા ટપાલખર્ચના ત્રણ આના મળી કુલ બે રૂપીઆ અગીઆર આનાનું મનીઑર્ડર કરનાર ગ્રાહકોને વી. પી. નહીં કરતાં ભેટની બુક સાદા બુકપોસ્ટથી રવાના કરવામાં આવશે જેથી વી. પી. ખર્ચનો બચાવ તે બંધુઓને થશે.

વી. પી. નહિં સ્વીકારનાર બંધુઓએ અમોને તુર્તજ લખી જણાવવું જેથી સભાના જ્ઞાનખાતાને નુકશાન તથા પોસ્ટ ખાતાને ખાલી મહેનત ન થાય.

દર વર્ષ મુજબ અશાડ શુદ ૧૫ થી ભેટની બુકનું વી. પી. કરવામાં આવશે જેથી અમારા કદરદાન ગ્રાહકો સ્વીકારી લેશો એવી વિનંતિ કરીએ છીએ.

સેક્રેટરીઓ.

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

## द्वितीय अंशः बीजो भाग.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપિયા ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## सूचना.

कलकत्ता निवासी बाबू पूरणचंदजी नाहरकी धर्मपत्नी श्रीमती इंद्रकुमारीजीके श्री ज्ञानपंचमी तपके उद्यापनमें श्री जिनविजयजी संगृहीत "खरतर गच्छ पट्टावली संग्रह" नामक पुस्तक भेट दी जाती है। जिन महाशयोंको प्रतिकी आवश्यकता हो वे निम्नलिखित पते से लेलेवें अथवा डाक व्ययादिके लिये दो आनेका टिकिट भेज कर पोस्टमें मंगा सकते हैं।

**श्री गुलाबकुमारी लायब्रेरी,**
४६ इंडियन मिरर स्ट्रीट–कलकत्ता.

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. જ્યેષ્ઠ, આત્મ સં. ૩૭. અંક ૧૧ મો.

## પુસ્તકમાં શું છે ?

“ પુસ્તકોમાં તત્ત્વજ્ઞાન છે, સાહિત્ય છે, કળાઓનું શાસ્ત્ર છે, દેવવાણી છે, માનવવંશ વિદ્યા અને ઇતિહાસ છે, અમરજનોના જીવનચરિત્રો અને અનેક રસવાળી કથાઓ છે, અજોડ સાહસો અને અપૂર્વ બલિદાનની ગાથાઓ છે, વણમ્હોરી આશાઓ અને વણફળ્યા અભિલાષો છે. પુસ્તકોમાં ચાલુ સંસારથીયે વિશાળ એવા જીવન મહાસાગરનો મહાપ્રાણ ઘૂઘવે છે.

પુસ્તક ત્રિકાળદર્શી અને ભવિષ્યજ્ઞાતા છે. કોઇ ન જોઇ શકે તે દૃષ્ટિ પુસ્તકમાં છે. કોઇ ન સમજે તે રહસ્ય તેમાં છે. કોઇ નહિ હશે ત્યારેય પુસ્તક હશે. કોઇ નહિ બોલે ત્યારે પુસ્તક બોલશે. પુસ્તક પ્રજાના ઇતિહાસનો વહીવંચો છે ને પ્રારબ્ધનો જ્યોતિષી પણ છે.

પુસ્તકને તૈયાર કરનાર લોઢાના સંચા અને કામદારો છે; પણ ઉપર કહેલા પુસ્તકના સ્વરૂપને કોણ નહિ પૂજે, પુસ્તકને કોઇ નહિ સાંભળે ? ”

‘ પુસ્તકાલય ’ માંથી.

For Private And Personal Use Only